For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### રેલવેના 5 કૌભાંડી અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા

# રેલવે ડિપાર્ટમેન્ટલ પ્રમોશન કૌભાંડમાં ઝડપાયેલા અધિકારીઓની બેનામી મિલકતની તપાસ શરૂ

**48 કલાક** સીબીઆઈની કસ્ટડીમાં રહેતા રેલ્વે વિભાગ દ્વારા સસ્પેનશનનો નિર્ણય લેવાયો

( પ્રતિનિધિ) વડોદરા,તા.21

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન અને એસીબીની ટીમો દ્વારા વડોદરાના પ્રતાપ નગર ખાતે રેલવે કવોટર્સમાં દરોડા પાડી અધિકારીઓની ધરપકડ કરી રેલવેની ડિપાર્ટમેન્ટલ પ્રમોશન ની પરીક્ષાના કોભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ કૌભાંડમાં કુલ પાંચ અધિકારીઓ ઝડપાયા છે. ત્યારે આ તમામ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. 48 કલાક સીબીઆઈની કસ્ટડીમાં રહેતા રેલવે દ્વારા તેમને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો હતો.

વડોદરામાં ડિપાર્ટમેન્ટ અને પ્રમોશનની પરીક્ષા ના કથિત કૌભાંડમાં વરિષ્ઠ વિભાગીય કર્મચારી અધિકારી સુનિલ બિસ્નોઈ અંકુશ વાસન સંજય કુમાર તિવારી નીરજ સિન્હા અને દિનેશકુમારને સીબીઆઈ અને એસીબીની ટીમે દરોડા પાડી ઝડપી લીધા હતા. વડોદરા રેલવે ડિવિઝનમાં પાંચ અધિકારી સહિત છ ની ધરપકડ સીબીઆઈએ કર્યા બાદ તેમને ઓફિસમાંથી સીધા રેલ્વે ગેસ્ટ હાઉસમાં લઈ જવાયા હતા. જ્યાં તમામ રેલવે અધિકારીઓને અલગ અલગ બેસાડી ઝીણવટભરી પૂછપરછ તેમ દસ્તાવેજોની ચકાસણી પણ કરાઈ હતી. ઝડપાયેલા અધિકારીઓ સિવાયનો મુકેશ મીના સુનિલ બિશ્નોઈના અમદાવાદથી સંપર્કમાં આવ્યો અને સુનિલની વડોદરા બદલી થતાં મુકેશ મીનાને રેલવે કર્મચારીઓની બઢતી અને બદલી તેમજ નિયુક્તિ કરાવવાનું સરળ થઈ ગયું હતું. તેઓ ઉમેદવારો શોધી શોધીને રૂપિયા લેવાનું કામ કરતો હતો. બીજી બાજુ સંજય તિવારીની પત્ની વીમા એજન્ટ હોવાથી મુકેશ મીના વચ્ચે પણ સારો તાલમેલ હતો. જેથી 10 ઉમેદવારોના રૂપિયા એકત્ર કરવાનું કામ મુકેશ મિના અને વડોદરા સ્ટેશનના ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ નીરજ સિન્હાને સોંપાયું હતું. રૂપિયા આપીને પ્રમોશન મેળવવા માંગતા રેલવે કર્મચારીઓ મોટાભાગે આણંદમાં મુકેશ મીનાને મળતા હતા અને ત્યાર પછી મુકેશ સુનિલ બિસ્નોઈ સાથે વાતચીત કરીને પ્રમોશનની કાર્યવાહી થતી હતી. મુકેશે એક સિલેક્શનમાં તો મીના અટકના સાત પૈકી ત્રણ જણ પસંદ કરાવ્યા હતા. હાલ આ ઝડપાયેલો મુકેશ મીના આણંદના સારસા અને બીજી બે જગ્યાઓ ઉપર પેટ્રોલ પંપ ધરાવે છે અને તેણે વહીવટદાર તરીકે ભૂમિકા ભજવી હતી. મુકેશ મીના એ મોકલેલા ઉમેદવારોની ઈચ્છા મુજબ પેપર બનાવીને સુનિલ બિસ્નોઈ પસંદ કરતો હતો વર્ષ 2023 ની વેલ્ફેર ઈન્સ્પેક્ટરની ભરતીમાં તો ત્રણ ઉમેદવારો મીના અટકવાળા પસંદ થયા હતા. જ્યારે છ લોકો રાજસ્થાનના પસંદ થયા હતા. હાલ સમગ્ર ડિપાર્ટમેન્ટ પ્રમોશન ની પરીક્ષા ના કૌભાંડમાં આઈઆરપીએસ કેડરના બે સહી પાંચ રેલવે અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે ત્યારે 48 કલાક સીબીઆઈ કસ્ટડીમાં રહેતા રેલવે વિભાગે આ તમામ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે. જ્યારે બીજી તરફ તેમની બે નામી મિલકતો અંગેની તપાસ પણ શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.



### રેલ્વે સ્ક્રેપના કરોડોના કૌભાંડમાં અનેક તર્કવિતર્ક સર્જાયા

## ટ્રકોમાંથી સ્ટીલ અને લોખંડનો ભંગાર જુદા કરીને રિપોર્ટ તૈયાર કરાયો

**ભંગાર** ભરીને ભાગતી નાની માછલીઓને પકડાશે કે પછી પડદા પાછળના મોટા મગરમચ્છ પંજામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા તા.21

ઘણા લાંબા અરસાથી ચાલી રહેલા વડોદરા રેલ્વે સ્ક્રેપ ના કૌભાંડમાં આજે આરપીએફ અને મકરપુરા પોલીસે સંયુક્તમાં તપાસનો દોર આગળ ધપાવ્યો હતો અને કબજે કરાયેલી બંને ટ્રકમાં લોખંડ અને એસએસ નો મુદ્દા માલ અલગ તારવવા મેગ્નેટ દ્વારા ચકાસણી કરી હતી. ઘનિષ્ઠ તપાસ બાદ ઉચ્ચ અધિકારીઓને મુદ્દા માલ નો રિપોર્ટ મોડી સાંજે રજૂ કરવાની તજવીજ પણ પોલીસે હાથ ધરી હતી.

વડોદરા રેલવે દ્વારા થોડા સમય પૂર્વે લોખંડ સહિત અન્ય મેટલના સ્ક્રેપની હરાજી કરવામાં આવી હતી.. સ્ક્રેપ ખરીદવા માગતા ઈજારદારો માં જય અંબે સ્ક્રેપ ટ્રેડર્સ ના કોન્ટ્રાક્ટરે પણ ટેન્ડર ભર્યું હતું અને લોખંડનો ભંગાર સહિત સ્ટેનલેસ સ્ટીલનો ભંગાર પણ બે ટ્રકોમાં ભરીને સગેવગે કરવાનું કૌભાંડ આચયુ હતું. લાખો રૂપિયાના સ્ક્રેપ ના કૌભાંડનો પરદાફાશ થતાં જ રેલવે તંત્ર સુધા ચોકી ઉઠ્યું હતું.

સમગ્ર કૌભાંડની અરજીના આધારે તપાસનો દોર લંબાતા આર જી એફ અને મકરપુરા પોલીસે સંયુક્ત તપાસ હાથ ધરીને ભંગાર ભરાયેલા બે ટ્રકનો મુદ્દા માલ કબજે કર્યો હતો ઈજારદાર સહિતનાઓની વ્યાપક પૂછતાછ બાદ લાખો રૂપિયાની છેતરપિંડીની આશંકાએ આજે પોલીસ મુદ્દા માલના ઘટના સ્થળે પહોંચી હતી અને બંને ટ્રકમાંથી સ્ટીલ અને લોખંડનો ભંગાર અલગ તારવીને ઉતાર્યો હતો.ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં પોલીસે મેગ્નેટ દ્વારા લોખંડ અને સ્ટીલ મેટલની ઊંડાણપૂર્વક સંપૂર્ણ ચકાસણી કરી હતી તેમજ ઈજારદાર સહિત રેલવે તંત્રના અન્ય ઉચ્ચ અધિકારીઓની પણ સંડોવાણી છે કે કેમ તથા રેપના ભંગારની આસપાસ સુરક્ષા અર્થે ફરજ બજાવતા સિક્યુરિટી ના જવાનોની વધુ પૂછતાછ હાથ ધરીને તપાસનો દોર લંબાવ્યો હતો . દિવસભર ચાલેલી સમગ્ર તપાસ બાબતે પીએસઆઇ એસ એ ફૂલધરે સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે તપાસ સંલગ્ન અનેક મહત્વની કડીઓ મળી છે તેમ જ અંગેનો તમામ રિપોર્ટ તૈયાર કરીને આજે ઉચ્ચ અધિકારીઓને સુપ્રત કરાશે.

સુત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ સ્ક્રેપ ના કૌભાંડ બાબતે ઘણા સમયથી લાખો કરોડોનો ઠગાઈનું સ્થળ યંત્ર આયોજન બધું ચાલી રહ્યું છે સમગ્ર કૌભાંડમાં કેટલાક ભિગારીઓની પણ સંડોવણી હોવાનું તપાસમાં બહાર આવે તો નવાઈ નહીં.

## વડદલા રોડ પર ભર ઉનાળે વરસાદી માહોલ, પાણીની થઈ રેલમછેલ

**વાલ્વની** કામગીરી દરમિયાન માર્ગ પર પાણી ફરી વળ્યાં



(પ્રતિનિધિ) વડોદરા,તા.21

વડોદરા શહેર નજીક હાઈવે પાસે વડદલા રોડ પર ભર ઉનાળે વરસાદી માહોલ જોવા મળ્યો હતો.પાણી વિતરણ કરવાના સમયે જ વાલ્વને લગતી કામગીરી કરાતા જળબંબાકારની પરિસ્થિતિ જેવા દ્રશ્યો સર્જાયા હતા.

વડોદરા શહેરમાં આડેધડ કામગીરી સહિતના પ્રશ્ને પ્રસિદ્ધ બનેલું પાલિકાનું તંત્ર જાણે નગરજનોને મુશ્કેલી આપતા વિના હવે રહી શકતું ન હોય તેમ લાગી રહ્યું છે. અણગઢ વહીવટ અને કોન્ટ્રાક્ટરોને કટકી કરાવવામાં માહેર તંત્રની ફરી એક વખત બેદરકારી જોવા મળી છે. એસી કેબીનોમાં બેસી પ્રજાના નાણાંનો વેડફાટ કરવામાં મદમસ્ત બનેલા શાષકો અને જાડી ચામડીના અધિકારીઓના પાપે છાશવારે પ્રજાનેજ હાલાકી વેઠવાની ફરજ પડતી હોય છે. ત્યારે દર વખતની જેમ આજે બનેલી ઘટનામાં હમ નહિ સુધરેંગેનું સૂત્ર સાર્થક થવા પામ્યું છે. શહેરના તરસાલી થી વડદલા તરફ જવાના માર્ગે હાઈવે નજીક વાલ્વ બદલવાની કામગીરી દરમિયાન પાણીની રેલમછેલ થઈ હતી. સમગ્ર માર્ગ પર અને આસપાસની દુકાનોમાં પાણી પાણી થઈ ગયું હતું. સાંજ પડે લોકોને પોતાના વાહનો હંકારવાની અને રાહદારીઓને ચાલીને જવાની ઘણી મુશ્કેલીઓ પડી હતી. પાણી વિતરણના સમયેજ આ કામગીરી કરવામાં આવતા પાણી માર્ગ પર ફરી વળ્યાં હતા. ભર ઉનાળે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ત્યારે લોકોએ પાલિકા તંત્રની આડેધડ કરાતી કામગીરી સામે વેધક સવાલો ઉઠાવ્યા હતા.

### તેરા તુજકો અર્પણ અંતર્ગત કાર્યક્રમ વિતરણ કરાયાં

## રેલવે પોલીસે ગુમ થયેલા રૂ.2.13 લાખના મોબાઈલ શોધી માલિકોને પરત કર્યાં




(પ્રતિનિધિ) વડોદરા તા.21

રેલવે સ્ટેશન પર તથા ટ્રેનોમાં ગુમ થયેલા મોબાઈલ ફોન પોલીસ દ્વારા શોધી કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલા રૂ. 2.13 લાખના મોબાઈલ માલિકોને બોલાવીને પોલીસના હસ્તે પરત સોંપવામાં આવ્યાં હતા.

પશ્ચિમ રેલવેમાં દોડી રહેલી વિવિધ ટ્રેનોમાં તથા પ્લેટફોર્મ પર ઘણા મુસાફરોના મોબાઈલ સહિતના સામાન ખોવાઈ તથા ગુમ થઈ જતો હોય છે. ત્યારે નાયબ પોલીસ મહાનિરીક્ષક સરોજ કુમારી પશ્ચિમ રેલવે વડોદરા તેમજ નાયબ પોલીસ અધિક્ષક જી.એસ.બારીયા દ્વારા ટ્રેનોમાં તથા પ્લેટફાર્મ પર ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી નાખવામાં માટેની સુચના આપવામાં આવી હતી. રેલવે પોલીસના કર્મચારીઓ દ્વારા સીઈઆઈઆર પોર્ટલમાં ટ્રેસ કરીને મોબાઈલ શોધવાની કાર્યવાહી શરૂ કરી હતી જેમાં રેલવે પોલીસ દ્વારા ગુમ થયેલા 7 જેટલા મોબાઈલ રૂ. 2.13 લાખનો મુદ્દમાલ રિવકરી નાખ્યો હતો. ત્યારબાદ તેરા તુજકો અર્પણ અંતર્ગત કાર્યક્રમ આયોજન કરાયું હતું અને મોબાઈલના માલિકોને રેલવે પોલીસ દ્વારા બોલાવીને તેના મુળ માલીકોને પરત કરવામાં આવ્યાં હતા.

## તરસાલીમાં નશાની હાલતમાં ધમાલ મચાવતો બોગસ પત્રકાર ઝડપાયો

**કપૂરાઇ** પોલીસે પ્રોહિબિશનનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા તા. 21

શહેરના તરસાલી વિસ્તારમાં આવેલા આદર્શ નગર પાસેના કુબેર લાઈફ સ્ટાઈલમા ગત તા. 20 ફેબ્રુઆરીના રોજ મધરાતે એક પત્રકાર નશાની હાલતમાં ધમાલ કરી રહ્યો હોવાની પોલીસ કંટ્રોલ રૂમને જાણ થતાં પોલીસ કંટ્રોલ રૂમે કપૂરાઇ પોલીસની પેટ્રોલિંગ પીસીઆરને જાણ કરતાં પોલીસે ઈસમ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત તા. 20 ફેબ્રુઆરીના રોજ મધરાતથી 21 ફેબ્રુઆરીના સવારે આઠ વાગ્યા સુધી કપૂરાઇ પોલીસના અ.હે.કો. રાજેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ તથા ડ્રાઈવર વિનીત મગનભાઇ પરમાર કપૂરાઇ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પીસીઆર વાન સાથે પેટ્રોલિંગમા હતા તે દરમિયાન પોલીસ કંટ્રોલ રૂમ તરફથી વર્ધી મળી હતી જે મુજબ શહેરના તરસાલી વિસ્તારમાં આવેલા આદર્શ નગર પાસેના કુબેર લાઈફસ્ટાઈલમા એક ઈસમ શરાબના નશાની હાલતમાં ધમાલ કરે છે જેથી ત્યાં જઈને તપાસ કરતાં એક ઈસમ જેની પૂછપરછ કરતાં તેનું નામ આશીષભાઇ ઉર્ફે અપ્પુભાઇ ધીરજલાલ જોશી હોવાનું તથા પોતે પત્રકાર સાથે જ ડી-501કુબેર લાઈફસ્ટાઈલ, તરસાલી બાયપાસ ખાતે રહેતા હોવાનું તોતડાતી જીભે જણાવ્યું હતું સાથે જ તે લથડિયાં ખાતો હોઇ પોલીસે બ્રેથ એનેલાઈઝર દ્વારા ખાતરી કરતાં તે નશો કરેલો હોવાનું જણાયું હતું જેથી તેની તપાસ કરતા તેની પાસે શરાબ પીવાનું પરમીટ ન હોય તથા અંગજડતી દરમિયાન પણ કંઈ ન જણાતાં કપૂરાઇ પોલીસે પ્રોહી એક્ટ કલમ 66(1)બી, 85મુજબ ફરિયાદ કરી ધરપકડ કરી હતી.

### વોશરૂમમાં તોડફોડ કરવાના મામલે મેનેજમેન્ટ દ્વારા રૂ.5 હજારની માંગણી

## ગુજરાત રિફાઈનરી ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં વિદ્યાર્થીઓની હૉલ ટિકિટ અટકાવી દેતા હોબાળો

**વાલીઓને** બોલાવી લેખિતમાં આપવા મેનેજમેન્ટ દ્વારા જણાવાયું



(પ્રતિનિધિ) વડોદરા,તા.21

વડોદરા ગુજરાત રિફાઈનરી ઈંગ્લીશ મીડીયમ સ્કુલના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને આગામી દિવસોમાં યોજાનારી ધોરણ 10 ની બોર્ડની પરીક્ષાની હોલ ટિકિટ નહીં અપાતા વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. બાળકોથી વોશરૂમમાં તોડફોડ કરવાના મામલે આ પગલું ભરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. જ્યારે સમગ્ર મામલે વાલીઓએ સ્કૂલ મેનેજમેન્ટ સામે આક્ષેપો કરી રોષ વ્યક્ત કર્યો હતો.

આગામી તારીખ 27 મી ફેબ્રુઆરીથી ગુજરાત બોર્ડની ધોરણ 10 ની પરીક્ષા યોજાશે. ત્યારે વડોદરા શહેરના ગુજરાત રિફાઈનરી ખાતે આવેલી અંગ્રેજી માધ્યમની શાળામાં ધોરણ 10 માં અભ્યાસ કરતા 10 થી 12 વિદ્યાર્થીઓને હોલ ટિકિટ આપવામાં નહીં આવતા હોબાળો મચાવ્યો હતો અને આક્ષેપ સાથે જણાવ્યું હતું કે અમારા બાળકોએ શાળાના બોયઝ વોશ રૂમની તોડફોડ કરી નથી તેમના પર ખોટા આક્ષેપ લગાવવામાં આવ્યા છે અને 5000 રૂપિયા ભરવા પડશે તો જ હોલ ટિકિટ મળશે તેમ વિદ્યાર્થીઓના વાલીઓએ જણાવ્યું હતું. જો અમારા બાળકોને વહેલી તકે હોલ ટિકિટ આપવામાં નહીં આવે તો ડીઈઓ કચેરી ખાતે રજૂઆત કરવામાં આવશે. વાલી પુનમબેન ખંડેલવાલ એ જણાવ્યું હતું કે જણાવ્યું હતું કે જબરજસ્તી અમારા બાળકો પર આરોપ મૂકવામાં આવે છે કે, તમારા બાળકો જ વોશરૂમમાં તોડફોડ કરી છે અને જબરજસ્તી રીતે અમારી ઉપર પાંચ હજાર રૂપિયા ભરવા કહી રહ્યા છે અને લેખિતમાં આપવું પડશે. 5000 રૂપિયા આપો તો જ હોલ ટિકિટ મળશે. જે રીટા શર્મા મેડમે આ જણાવ્યું હતું. જો તમે 5,000 આપશો તો જ અમે તમારા બાળકોને હોલ ટિકિટ આપીશું. પરંતુ આ ખોટું છે. આનાથી બાળકો પર ખોટી અસર પડી રહી છે અને મેનેજમેન્ટને વાત કરી કે જો અમારા બાળકોએ આ તોડફોડ કરી હોય તો અમને સીસીટીવી વિડીયો બતાવો પણ એ લોકો અમને બતાવતા નથી. અમે એ પણ કીધું કે, જો અમારા બાળકોએ તોડફોડ કરી હશે તો અમે હમણાં જ 5000 રૂપિયા આપવા તૈયાર છીએ. પરંતુ અમારા બાળકોએ તોડફોડ કરી છે એવો કોઈ વિડીયો અમને બતાવતા નથી. સમગ્ર મામલે વાલીઓ ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરવાની ચેતવણી પણ સ્કૂલ મેનેજમેન્ટ ને આપી હોવાનું જાણવા મળ્યું હતું.

### વિરોધના વંટોળ વચ્ચે વીજ મીટર લગાવાશે

## વીજ ગ્રાહકોને પ્રિપેઈડ સ્માર્ટ મીટર લગાવવુ ફરજિયાત : ઉર્જા મંત્રી

**અગાઉ** સ્માર્ટ મીટર લગાવતા ઠેર ઠેર ઉગ્ર વિરોધ થતા કામગીરી અટકાવી પડી હતી

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી સ્માર્ટ મીટરને લઈને વિરોધ થઈ રહ્યો છે વડોદરામાં પણ લાંબા સમય સુધી સ્માર્ટ મીટરનો વિરોધ યથાવત જોવા મળ્યો હતો. ત્યારે લોકોનો રોષ પારખી ગયેલા તંત્રએ હાલ પૂરતી આ કામગીરી અટકાવી હતી. ત્યારે ફરી એક વખત વિધાનસભામાં ઉર્જા મંત્રીએ પ્રીપેડ સ્માર્ટ મીટર લગાવવું ફરજિયાત હોવાનું જણાવ્યું છે.

સ્માર્ટ વીજ મીટર નું ભૂત ફરી ધૂણવા પામ્યું છે. હવે સરકાર કોઈનું પણ ચાલવા નહીં દે વિધાનસભામાં રાજ્યના ઉર્જા મંત્રી કનુ દેસાઈએ વિપક્ષના ધારાસભ્ય પૂછેલા સવાલનો જવાબ આપતા કહ્યું હતું કે, હાલના મીટર અને સ્માર્ટ મીટરની કામગીરી સમાન છે તેથી તમામ વિગતો મોબાઈલ પર ગ્રાહકો મેળવી શકશે. પ્રિપેઈડ સ્માર્ટ મીટર લગાવવું ફરજિયાત છે. સ્માર્ટ મીટરના અનેક પ્રકારના ફાયદા છે. તેના કારણે વીજ વપરાશની જાણકારી મોબાઈલ પર જ મળી રહેશે અત્યારે ઉપયોગમાં લેવાતા મીટર અને સ્માર્ટ મીટરની કામગીરી સમાન છે. હાલના મેન્યુઅલ રીડિંગ પર આધાર રાખવાને બદલે સ્માર્ટ મીટર જાતે વીજ વપરાશનો ડેટા એકત્ર કરે છે અને તેને વીજ વિતરણ કંપનીઓને ટ્રાન્સમિટ કરે છે. સ્માર્ટ મીટરમાં જે તે વીજ ગ્રાહકના બીજ વપરાશ અંગેના ડેટા તેમજ અન્ય માહિતી સ્માર્ટ મીટર ની એપ્લિકેશન દ્વારા મોબાઈલ પર જ નિયમિત અને તાત્કાલિક ધોરણે વીજ ગ્રાહકોને મળી રહે છે.

### મહાકુંભ મેળાના યાત્રાળુઓ માટે પશ્ચિમ રેલવેએ ખાસ ટ્રેનો ચલાવી

## પ. રેલવેના વિવિધ સ્ટેશનો પરથી 1.65 લાખથી વધુએ કુંભ સ્પેશિયલ ટ્રેનો દ્વારા મુસાફરી કરી

**2 ટ્રીપ** વડોદરા ડિવિઝનથી ચલાવવામાં આવી



(પ્રતિનિધિ) વડોદરા તા.21

મહાકુંભ મેળામાં ભેગા થતા યાત્રાળુઓ અને ભક્તોની યાત્રાને સુખદ અને આધ્યાત્મિક અનુભવ બનાવવામાં ભારતીય રેલ્વે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. કુંભ મેળામાં હાજરી આપવા માટે આવતા યાત્રાળુઓના આ વિશાળ ધસારાને પહોંચી વળવા પશ્ચિમ રેલવે પશ્ચિમ રેલવેના વિવિધ સ્ટેશનો જેમ કે મુંબઈ સેન્ટ્રલ, વાપી, વલસાડ, ઉધના, વડોદરા, વિશ્વામિત્રી, અમદાવાદ, સાબરમતી, ભાવનગર, રાજકોટ, ઈન્દોર વગેરે પરથી ૧૨૫ ખાસ ટ્રેનો ચલાવી રહી છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, કુંભ મેળો દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓને આકર્ષી રહ્યો છે અને પશ્ચિમ રેલવેની ખાસ ટ્રેનોએ શ્રદ્ધાળુઓની અવરજવરને સરળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ ખાસ ટ્રેનો પ્રયાગરાજ તેમજ નજીકના અન્ય રેલ્વે સ્ટેશનો સુધી દોડાવવામાં આવી રહી છે, જેમાં હજારો શ્રદ્ધાળુઓ કુંભ મેળા સુધી પહોંચવા માટે સેવાઓનો લાભ લઈ રહ્યા છે. આજ સુધીમાં, પશ્ચિમ રેલ્વેએ આ કુંભ સ્પેશિયલ ટ્રેનો દ્વારા 1.65 લાખથી વધુ યાત્રાળુઓને લઈ ગયા છે.

વિનીતે માહિતી આપી હતી કે કુંભ સ્પેશિયલ ટ્રેનોની 26 ટ્રીપ મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનથી, 24 ટ્રીપ અમદાવાદ ડિવિઝનથી, જ્યારે 8 ટ્રીપ ભાવનગર ડિવિઝનથી, 4 ટ્રીપ રાજકોટ ડિવિઝનથી, 2 ટ્રીપ વડોદરા ડિવિઝનથી અને 6 ટ્રીપ રતલામ ડિવિઝનથી ચલાવવામાં આવી રહી છે.

ભારતીય રેલ્વે મહા કુંભ મેળા 2025 માં હાજરી આપતા યાત્રાળુઓને શ્રેષ્ઠ સેવાઓ પૂરી પાડી રહી છે. ભક્તોને કુંભ મેળામાં આવવા-જવા માટે સલામત અને આરામદાયક મુસાફરી મળે તે માટે રેલ્વે વહીવટીતંત્ર અથાક મહેનત કરી રહ્યું છે.

## વિદેશી દારૂ સાથે વેચનાર ઝડપાયો, બુટલેગર સન્ની રાજમલ ફરાર

**ક્રાઇમ** બ્રાન્ચની ટીમે ખોડિયારનગરના શક્તિનગરમાં રેડ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરના ન્યુ વીઆઈપી રોડ પર ખોડિયારનગર ખાતે શકિતનગરના ખાતે વેચાણ કરવા માટે મકાન પાસે સંતાડી રાખેલા 23 હજારના વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. જ્યારે બૂટલેગરને વોન્ટેડ જાહેર કર્યો છે.

એસએમસીની ટીમ દ્વારા તાજેતરમાં ફતેગંજ પોલીસ સ્ટેશન તથા વરણામા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં રેડ કરીને વિદેશી દારૂ સાથે છ શખ્સને ઝડપી પાડ્યા હતા. ત્યારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ એક્શનમાં આવી ગઈ છે વિસ્તારમાં દારૂના વેચાણ પર વોચ રાખી રહી છે. ત્યારે 21 ફેબ્રુઆરીના રોજ બાતમી મળી હતી કે ન્યુ વીઆઈપી રોડ પર ખોડિયારનગરના શક્તિનગર ખાતે વેલા મકાનમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે રેડ કરી હતી. ત્યારે સ્થળ પરથી મકાનની બહાર દાદર પાસે ઉભેલો શખ્સે પોલીસને જોઈને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે પરંતુ ક્રાઈમ બ્રાન્ચે રવિ શંકાર વસાવાને ઝડપી પાડ્યો હતો. તેને સાથે રાખી સ્થળ પર તપાસ કરતા કોથળામાંથી રૂ. 23 હજારનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જ્યારે બુટલેગર સન્ની ઉર્ફે બાબલો અજીત રાજમલની વોન્ટેડ જાહેર કરીને તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે વોન્ટેડ બુટલેગર સન્ની રાજમલ અગાઉ વિદેશી દારૂ રાખવાના, મારામારી સહિત 9 ગુનામાં પકડાયો છે.

### વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું

## 4 માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ પ્રથમ વખત ધો.10 ની બોર્ડની પરીક્ષામાં ભાગ લેશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરા સંચાલિત 4 માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ પ્રથમ વખત ધોરણ 10 ની બોર્ડની પરીક્ષામાં ભાગ લેશે. જે અંતર્ગત માર્ગદર્શન સેમીનાર અને વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરા દ્વારા વર્ષ 2023-24 માં ૪ માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી હતી. આ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ વર્ષ- 2025 માં ધોરણ- 10 ની પરીક્ષા આપવા જઈ રહ્યા છે ત્યારે આ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે અને પરીક્ષા સંદર્ભે માર્ગદર્શન આપવા માટે સેમિનારનું આયોજન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ વડોદરા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ વડોદરાના માન. અધ્યક્ષ નીશિધ દેસાઈ, ઉપાધ્યક્ષ મેડમ અંજનાબેન ઠક્કર, માન. શાસનાધિકારી સ્વેતાબેન પારગી તેમજ માર્ગદર્શક તરીકે નવીનસિંહ જેતાવત અને નિશાબેન ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરા દ્વારા ધોરણ ૮ પાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ ડ્રોપાઉટ ન થાય અને ગુણવત્તા શિક્ષણ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં જ મેળવી શકે તે હેતુથી વર્ષ 2023-24 માં નવી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓ પૈકી 151 વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે ધોરણ 10ની બોર્ડની પરીક્ષામાં ભાગ લઈ રહ્યા છે. આ વિદ્યાર્થીઓ માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા પરીક્ષાના ત્રણ માસ અગાઉથી જ વિશેષ વર્ગ શરૂ કરવામાં આવ્યો હતો જેમાં વિદ્યાર્થીઓને મોડલ પ્રશ્નપત્રનું રિવિઝન અને કઠિન મુદ્દા ઉપર પણ વિશેષ ભાર આપવામાં આવ્યો હતો. શિક્ષણ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓ પરીક્ષામાં ખૂબ સફળતા મેળવે અને ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરે તે માટે પણ વિશેષ પ્રયત્ન કરવામાં આવ્યા છે. આ તમામ વિદ્યાર્થીઓને શિક્ષણ સમિતિ દ્વારા શૈક્ષણિક કીટ પણ ભેટ આપવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા માટે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

